


# ઉદ્ધવ ઠાકરેએ મનસે અને ભાજપ પર છોડ્યા તીર

## રાજ ઠાકરેના મગજમાં કેમિકલ લોચા થઈ ગયા છે

## ભાજપની સરખામણી એકપક્ષી પ્રેમી સાથે કરી





(અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન અને શિવસેના પક્ષાધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ શનિવારની પોતાની મુંબઈમાં આયોજિત સભામાં વિપક્ષીઓને પોતાના નિશાન પર લીધા હતા. મનસેના અધ્યક્ષ રાજ ઠાકરેની હાંસી ઉડાવતા તેના મગજમાં કેમિકલ લોચા થઈ ગયાનું જણાવ્યું હતું. જ્યારે ભાજપની સરખામણી એકપક્ષી પ્રેમી સાથે કરી હતી, જે મનગમતું પાત્ર ન મળ્યા બાદ એસિડ હુમલો કરીને પ્રેમિકાને વિદ્રુપ કરી નાખે છે.

ભાજપની અત્યંત આકરા શબ્દોમાં ટીકા કરતાં ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે જેમને આટલા વર્ષો મહારાષ્ટ્રમાં રહીને પણ સમજાયું નથી તેઓ હવે દેશની દિશા ગેરમાર્ગે લઈ જઈ રહ્યા છે. ભગવી ટોપી પહેરીને હિંદુત્વ દેખાતું નથી. ભાજપના લોકો માનસિક રોગી છે, એમ તેમણે કહ્યું હતું. હનુમાન ચાલીસાના મુદ્દા પર અને મસ્જિદ પરના લાઉડસ્પીકરના ચાલી રહેલા વિવાદ પર બોલતાં તેમણે રાજ ઠાકરે અને રાણા દંપતી પર ટીકા કરી હતી અને કહ્યું હતું કે આ લોકો ભાજપની એ..બી..સી.. ટીમ છે. કાશ્મીરી પંડિતોને રક્ષણ મળતું નથી અને અહીં ટીનપાટ લોકોને ઝેડ સિક્યોરીટી આપવામાં આવે છે.

મારું હિંદુત્વ તકલાદુ નથી એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ અને એનસીપી સાથે સત્તા સ્થાપન કરી એટલે અમારા પર હિંદુત્વ છોડવાનો આરોપ થઈ રહ્યો છે. અમે બંને કોંગ્રેસ સાથે ધોળે દિવસે ગયો હતો, તમારી જેમ વહેલી સવારે ગયા નહોતા.

વડા પ્રધાન સાથેની મુખ્ય પ્રધાનોની બેઠક અંગે બોલતાં તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ટીકા કરતાં જણાવ્યું હતું કે કોરોના અંગેની બેઠકમાં જતી વખતે તેમણે મંત્ર આપ્યો કે પેટ્રોલ-ડીઝલ સસ્તું કરો. આનાથી કોરોના જવાનો હતો? તેમણે એમ પણ કહ્યું હતું કે અમારા પર ટીકા કરનારા લોકો કહે છે કે આ

(જુઓ પાનું ૪) ▶▶










# આંગડિયા પાસેથી ખંડણી વસૂલીના કેસમાં ડીસીપી ત્રિપાઠીના નોકરને ક્લીન ચિટ

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં આંગડિયાઓ પાસેથી ખંડણી વસૂલવાના કેસમાં ક્રાઇમ બ્રાન્ચને સસ્પેન્ડેડ આઇપીએસ ઓફિસર સૌરભ ત્રિપાઠીના નોકર સામે કોઇ પુરાવા મળ્યા નથી, એમ પોલીસે શુક્રવારે કોર્ટને જણાવ્યું હતું.

મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં પોલીસે શુક્રવારે પૂરક આરોપનામું દાખલ કર્યું હતું, જેમાં સસ્પેન્ડેડ ડીસીપી ત્રિપાઠીના પિતા નીલકાંતની ભૂમિકા હોવાનું જણાવ્યું હતું. ત્રિપાઠીના નોકર પ્યારેલાલ ગૌડ ઉર્ફે પપ્પુની માર્ચમાં ધરપકડ કરવામાં આવી હતી. જોકે ડીસીપીએ હવાલાથી મોકલેલા પૈસા તેણે પ્રાપ્ત કર્યા હોવાના કોઇ પુરાવા પોલીસને મળ્યા નથી. પૂરક આરોપનામામાં ડીસીપીના સાળા આશુતોષ મિશ્રાનું પણ નામ છે. સીજીએસટી વિભાગના આસિસ્ટન્ટ કમિશનર મિશ્રા અને નીલકાંતે ત્રિપાઠી દ્વારા ભેગા કરાયેલા રૂ. ૪૦ લાખ હવાલા થકી પ્રાપ્ત કર્યા હોવાનો આરોપ છે. ગૌડ વિરુદ્ધ અમને કાંઇ મળ્યું નથી. ગુનામાં ઉપયોગ કરાયેલા વિવિધ ફોનમાં એવું જણાયું છે કે ગૌડના જૂના સિમકાર્ડનો ઉપયોગ નીલકાંત કરતો હતો. આ મોબાઇલ લખનઊમાં ગોમતીનગર ખાતે વિક્રમ ખંડ દ્વારા ઉપયોગ કરાયો હતો અને ગૌડનું લોકેશન નજીકમાં ક્યાંય મળ્યું નથી, એમ આરોપનામામાં જણાવાયું છે. ૮ ડિસેમ્બરે આંગડિયાઓના એસોસિયેશને ફરિયાદ નોંધાવતાં જ આ મોબાઇલ તુરંત બંધ થઇ ગયો હતો. ઓળખપરેડમાં લખનઊનો હવાલા ઓપરેટર અને આ કેસના સાક્ષીદારે મિશ્રાને ત્રિપાઠી દ્વારા મોકલવામાં આવેલાં નાણાં ૩ નવેમ્બર, ૨૦૨૧ના રોજ લખનઊમાં સ્વીકાર્યા હોવાનું પણ જણાવાયું હતું. ■

# શરદ પવાર અંગે અભદ્ર ટિપ્પણી: અભિનેત્રીની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રની મહાવિકાસ આઘાડી સરકારના સંકલક અને એનસીપીસુપ્રીમો શરદ પવાર અંગે સોશ્યલ મીડિયા પર અત્યંત આકરા શબ્દોમાં ટીકા કરનારી કવિતા મૂકનારી મરાઠી અભિનેત્રી કેતકી ચિતળેને શનિવારે અટકાયતમાં લેવામાં આવી હતી. મરાઠી અભિનેત્રી દ્વારા શુક્રવારે શેર કરવામાં આવેલી કવિતા વાસ્તવમાં અન્ય કોઈ વ્યક્તિ દ્વારા લખવામાં આવી હોવાનું કહેવાય છે. તેમાં ફક્ત અટક પવાર લખવામાં આવી છે અને ૮૦ વર્ષનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જ્યારે એનસીપીસુપ્રીમો ૮૧ વર્ષના છે.

તેમાં એવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે કે 'નરક તમારી રાહ જુએ છે' અને 'તમે બ્રાહ્મણોનો દ્વેષ કરો છો' આ વાક્યો મહારાષ્ટ્રમાં શિવસેના અને કોંગ્રેસની સાથે સત્તામાં રહેલી એનસીપી સુપ્રીમો શરદ પવાર અંગે લખવામાં આવ્યા છે.

શનિવારે થાણેના કલવા પોલ્સ સ્ટેશનમાં કેતકી ચિતળે વિરુદ્ધ સ્વપ્નિલ નેટકે દ્વારા ગુનો નોંધાવવામાં આવ્યો હતો અને તેને પગલે આ અટકાયત કરવામાં આવી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૦ (બદનક્ષી), ૫૦૧ (બદનક્ષીપુર્ણ જણાતા સાહિત્ય છાપવું અથવા પ્રસિદ્ધ કરવું, ૫૦૫ (૨) (સમાજના વિવિધ વર્ગો વચ્ચે દ્વેષ અથવા દુશ્મનાવટ ફેલાવી શકે એવું નિવેદન કે અફવા ફેલાવવી/પ્રસિદ્ધ કરવી) અને ૧૫૩એ (સમાજમાં દ્વેષભાવ ફેલાવવો) વગેરે હેઠળ કેતકી સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. પુણેમાં પણ એનસીપીએ પોલીસને અભિનેત્રી સામે કાર્યવાહી કરવાની માગણી કરતો પત્ર આપ્યો હતો.



**અટક:** શરદ પવાર અંગે ફેસબુકમાં ટિપ્પણી કરવા બદલ મરાઠી અભિનેત્રી કેતકી ચિતળેની અટક કરાઈ હતી. (અમય ખરાડે)

## ઓવૈસીની ઔરંગાબાદ મુલાકાત, મહારાષ્ટ્રને અશાંત કરવાનો પ્રયાસ: પવાર

મુંબઈ: એઆઈએમઆઈએમના નેતા અકબરુદ્દીન ઓવૈસીએ ઔરંગાબાદની મુલાકાત લઈને ઔરંગઝેબની કબરને વંદન કર્યા તે બાબતે બોલતાં એનસીપીસુપ્રીમો શરદ પવારે શનિવારે જણાવ્યું હતું કે આવી કૃતિ રાજ્યમાં નવો વિવાદ છેડવાનો પ્રયાસ હોય એવું લાગી રહ્યું છે. ઓવૈસીની મુલાકાત બાદ રાજ્યમાં વિવાદ વકર્યો છે અને શિવસેના તેમ જ મનસે દ્વારા તેમની આ કૃતિની ટીકા કરવામાં આવી છે. આ લોકોને મહારાષ્ટ્ર અને

(જુઓ પાનું ૪) ▶▶

# ૧૩ દિવસમાં થશે નાળાં ચોખ્ખાં?

## અત્યાર સુધી માંડ ૫૩ ટકા નાળાસફાઈ



ફાઈલ ફોટો

સપના દેસાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં ચોમાસું જૂનને બદલે મે મહિનાના અંતમાં આગમન કરે એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે ત્યારે મુંબઈ શહેર કે ઉપનગરોના નાળાની સફાઈની સ્થિતિ અત્યંત ચિંતાજનક છે. આગામી ૧૩ દિવસમાં આ નાળાંને કેવી રીતે સ્વચ્છ કરી શકાશે એવી શંકા ઉપસ્થિત થઈ રહી છે અને મુંબઈગરાને વધુ એક વખત જળબંબાકારનો સામનો કરવો પડશે એવા ચિહ્નો દેખાઈ રહ્યાં છે. મુંબઈમાં શનિવાર સુધીમાં માંડ ૫૩ ટકા નાળાસફાઈ થઈ હોવાનું પાલિકાની સત્તાવાર વેબસાઈટ પરના આંકડા પરથી જણાયું હતું. જોકે પાલિકા કમિશનર ઈકબાલસિંહે અશક્ય જણાતો દાવો

(જુઓ પાનું ૪) ▶▶

# હું ચિતળેને ઓળખતો નથી: શરદ પવાર

એનસીપીસુપ્રીમો શરદ પવારે શનિવારે નાંદેડમાં કહ્યું હતું કે હું આ અભિનેત્રીને ઓળખતો નથી અને તેણે સોશ્યલ મીડિયા પર શું પોસ્ટ કર્યું છે તેની મને માહિતી નથી. પત્રકારોએ કરેલા સવાલના જવાબમાં તેમણે સામે એવો પ્રશ્ન કર્યો હતો કે તેણે શું કર્યું છે? તેની (મારા અંગે) શી ફરિયાદ છે?

તેમણે વધુમાં એમ પણ જણાવ્યું હતું કે જ્યાં સુધી તેણે શું કર્યું છે તે વિશેની માહિતી ન મળે ત્યાં સુધી આ વિષયે કશું બોલવું અયોગ્ય ગણાશે. ■

મુંબઈ સમાચારની પોઝિટિવ ન્યૂઝની નવી પહેલ — પોઝિટિવ ન્યૂઝ

# રાજ્યમાં કોરોનાના નવા ૨૪૮ કેસ, એક મોત

મુંબઇ: મુંબઇ સહિત રાજ્યમાં કોરોનાના કેસની સંખ્યા વધી રહી છે. જેમાં સતત પાંચમાં દિવસે રાજ્યમાં કોરોનાના કેસની સંખ્યા ૨૦૦ને પાર કરી ગઇ છે. શુક્રવારે એક દિવસમાં રાજ્યમાં કોરોનાના ૨૪૮ નવા કેસ નોંધાતા કુલ કેસની સંખ્યા ૭૮,૮૦,૫૮૫ છે, એમ આરોગ્ય વિભાગના અહેવાલમાં જણાવ્યું હતું.

રાજ્યમાં કોરોનાથી ૨૬૩ દર્દી સાજા થવાથી કુલ રિકવર કેસની સંખ્યા ૭૭,૩૧,૨૯૨ છે, જ્યારે એક્ટિવ કેસ ૧,૪૩૯ નોંધાયા છે. રાજ્યમાં કોરોનાથી એક જણનું મોત થયું છે. હાલના તબક્કે

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીની દિશામાં પહેલું પગલું

## ૨૩૬ વોર્ડની અંતિમ વોર્ડ રચના જાહેર કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીનું બ્યૂગલ વાગી ગયું હોવાનો સંકેત રાજ્ય ચૂંટણીપંચ દ્વારા મુંબઈ મનપાની ૨૩૬ વોર્ડની અંતિમ રચનાની જાહેરાત કરવામાં આવી તેના પરથી માનવામાં આવી રહ્યું છે. મુંબઈની વોર્ડ રચના પર રાજ્ય ચૂંટણી પંચે મંજૂરીની મહોર લગાવી છે. આને પગલે હવે ચૂંટણી લક્ષી કામોમાં ગતિ આવશે.

મુંબઈ મનપામાં કુલ ૨૩૬ નગરસેવકોની સંખ્યા નક્કી કરવામાં આવી છે. મુંભઈના વધારાના સભ્યોની સંખ્યા તેમ જ વોર્ડ રચના નિર્ધારિત કરવાનું નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. રાજ્ય ચૂંટણી પંચે મુંભઈ મનપાની અંતિમ વોર્ડ નંબર એકથી લઈને વોર્ડ નંબર ૨૩૬ સુધીની વોર્ડ રચના નિર્ધારિત કરવાની જાહેરાત કરી છે અને તેને પગલે ક્યો વોર્ડ ક્યાંથી ક્યાં સુધીનો હશે તેની માહિતી મુંબઈગરાને મળશે. આને આધારે ચૂંટણીના કામમાં ગતિ આવશે અને વિવિધ રાજકીય પક્ષો હવે પોતાના ઉમેદવારની પસંદગીના કામમાં વ્યસ્ત થઈ જશે.

આગામી મનપાની ચૂંટણી માટેની અંતિમ વોર્ડ રચનાની જાહેરાત રાજ્ય ચૂંટણી પંચે શુક્રવારે મોડી રાતે કરી હતી. શહેરના ૩૨ વોર્ડમાં ફેરફાર કરવામાં આવ્યા હોવાનું મુંબઈ મનપાના ચૂંટણી વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે. ઓબીસી આરક્ષણ વગર ચૂંટણી કરવી અને બે અઠવાડિયામાં ચૂંટણીનો કાર્યક્રમ જાહેર

(જુઓ પાનું ૪) ▶▶

# ફોરેન પોસ્ટઓફિસમાંથી ₹ ૧.૫ કરોડનું ડ્રગ્સ જપ્ત

મુંબઈ: નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)એ બે અલગ ઓપરેશન હાથ ધરીને દક્ષિણ મુંબઈમાં ફોરેન પોસ્ટ ઓફિસ ખાતેથી રૂ. ૧.૫ કરોડની કિંમતનું ડ્રગ્સ પકડી પાડ્યું હતું.યુએસએથી કુરિયર મારફત ડ્રગ્સ આવ્યું હોવાની માહિતી મળ્યા બાદ એનસીબીની ટીમે શુક્રવારે આ ઓપરેશન હાથ ધર્યાં હતાં. એનસીબીએ ત્યાર બાદ તાડદેવ વિસ્તારમાંથી એક જણની ધરપકડ કરી હતી.પકડાયેલો શખસ રીઢો આરોપી હોઇ તેની વિરુદ્ધ ૧૦ ગુના દાખલ છે. આરોપી ડ્રગની તસ્કર માટે કામ કરતો હોવાનું તપાસમાં જણાયું હતું.એનસીબીની ટીમે મળેલી માહિતીને આધારે કાર્યવાહી કરી હતી અને બે જુદા જુદા પાર્સલમાંથી ૧.૭૭૦ ગ્રામ હાઇડ્રોપોનિક વીડ નામનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું. આ પાર્સલ જે પ્રાપ્ત કરવાનો હતો તેને પણ બાદમાં પકડી લેવાયો હતો. ■

# સંજય રાઉતે એક દેશ, એક ભાષાની તરફેણ કરી

મુંબઈ: એક દેશ, એક ભાષાની તરફેણ કરતાં શિવસેનાના નેતા સંજય રાઉતે શનિવારે કહ્યું હતું કે હિન્દી આખા દેશમાં બોલવામાં આવે છે અને સર્વસ્વીકૃત છે. તેમણે એમ પણ કહ્યું હતું કે ગૃહ પ્રધાન અમિત શાહે આ પડકાર ઝીલી લેવો જોઈએ અને દેશના બધા રાજ્યોમાં એક ભાષા રાખવી જોઈએ.

કેન્દ્રીય પ્રધાન અમિત શાહે દેશમાં હિન્દીને અંગ્રેજીના વિકલ્પ તરીકે અપનાવવી જોઈએ એવો અનુરોધ કર્યો તેના એક મહિના બાદ સંજય રાઉતનું આ મુદ્દે નિવેદન આવ્યું છે. અમિત શાહના આ નિવેદન અંગે અનેક રાજકીય નેતાઓએ અસહમતિ દર્શાવી છે અને તેને દેશના નાગરિકો પર હિન્દી લાદવાનો પ્રયાસ ગણાવ્યો છે ત્યારે રાઉતનું નિવેદન રાહત સમાન ગણી શકાય. ■

# રાણીબાગમાં જોવા મળશે રીંછ અને દીપડાની જોડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાયખલામાં આવેલા વીરમાતા જિજાબાઈ ભોસલે ઉદ્યાન અને પ્રાણીસંગ્રહાલય (રાણીબાગ)માં ત્રણ નવા મહેમાનનું આગમન થયું છે, જેમાં એક નર રીંછ શિવા સાથે એક દીપડાની જોડી આગામી દિવસોમાં પર્યટકોને જોવા મળવાની છે.

રાણીબાગમાં હાલ રહેલી શિવાની નામની માદા રીંછને શિવા નામનો સાથીદાર મળ્યો છે. નાગપુરના ગોરેવાડા પ્રાણી સંગ્રહાલયમાંથી દીપડાની જોડી સાથે આવ્યો છે. એક મહિનો ક્વોરન્ટાઈન સમયમાં રહ્યા બાદ બહુ જલદી તેઓ હવે રાણીબાગમાં આવતા પર્યટકોને જોવા મળવાના છે.

રાણીબાગમાં લાંબા સમયથી નૂતનીકરણનું કામ ચાલી રહ્યું છે. જે હેઠળ ૫૩ એકરમાં ફેલાયેલા પ્રાણીસંગ્રહાલયમાં અનેક નવા પશુ-પક્ષીઓને લાવવામાં આવ્યા છે. ફેબ્રુઆરી ૨૦૨૦માં બે નર અને બે માદા હરણના બદલામાં ઔરંગાબાદના સિદ્ધાર્થ ગાર્ડ અને પ્રાણીસંગ્રહાલયમાંથી શક્તિ અને કરિશ્મા નામની બંગાળ વાઘની જોડી લાવવામાં આવી હતી.

રાણીબાગમાં ૨૦૦૫ અને ૨૦૧૯ સુધી દીપડો નહોતો. ત્રણ વર્ષ પહેલા મેંગલુરુના પિલીકુલા પ્રાણીસંગ્રહાલયમાંથી ડ્રોગોન નામનો નર અને પિન્ટો નામની એક માદા દીપડાને મુંબઈ લાવવામાં આવ્યા હતા. તો ગયા મહિનામાં નાગપુરના ગોરેવાડા પ્રાણીસંગ્રહાલયમાંથી દીપડાની વધુ એક જોડી મુંબઈ લાવવામાં આવી હતી. બંનેની ઉંમર લગભગ અઢીથી ત્રણ વર્ષની આસપાસ છે. પ્રાણીસંગ્રહાલયના ડાયરેક્ટર ડૉ.સંજય ત્રિપાઠીના જણાવ્યા મુજબ રાણીબાગમાં રહેલી શિવાની

(જુઓ પાનું ૪) ▶▶

# જોગેશ્વરીના વેપારીને ધમકાવીને ₹ ૧૦ લાખની ખંડણી માગવા બદલ ડ્રાઈવરની ધરપકડ

મુંબઈ: જોગેશ્વરીમાં રહેતા વેપારી અને તેના પરિવારજનોને જાનથી મારી નાખવાની ધમકી આપીને રૂ. ૧૦ લાખની ખંડણી માગવા પ્રકરણે મેઘવાડી પોલીસે ડ્રાઇવરની ધરપકડ કરી હતી. પકડાયેલા ડ્રાઇવરની ઓળખ સંતોષ ચાંગુ શામા (૫૨) તરીકે થઇ હોઇ સ્થાનિક કોર્ટે તેને પોલીસ કસ્ટડી ફટકારી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

જોગેશ્વરી પૂર્વમાં રહેતા વેપારીને ૨૬ એપ્રિલથી અજાણી વ્યક્તિ દ્વારા ફોન પર ખંડણી માટે ધમકી મળી રહી હતી. વેપારી અને તેના પરિવારજનોના મોબાઇલ પર વારંવાર ધમકીભર્યા એસએમએસ પણ આવી રહ્યા હતા. આથી વેપારીએ મેઘવાડી પોલીસનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવતાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસે વેપારીને ત્યાં અગાઉ ડ્રાઇવર તરીકે કામ કરનારા સંતોષ ચાંગુ શામાના બે મોબાઇલ નંબર મેળવ્યો હતો, જે તેણે અન્ય વ્યક્તિને નામે

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**